અપીલ અરજી નં.૧૦૯ તા.૨૮–૭–૦૮

અરજદારઃ શ્રી ડો. દેવેન્દ્ર મહાડીક પ્રમુખ
સામાવાળા:(૧)ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી
(૨) ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન

**હુકમ:–**

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ડો. દેવેન્દ્ર મહાડીક પ્રમુખ, જનતાનગર ટેના.કો.ઓ.હા.સો.લિ. આઈ ડી.નં.૫૮ તા.૧૩–૬–૦૮ (તા.૧૧–૬–૦૮)ની અરજીથી ટીપી નં.૬ (મજુરા –ખટોદરા) ફા.પ્લોટ નં.૧૧૭,૧૧૮,૨૪ ના સીઓપીના બાંધકામની લુથરા ટ્રસ્ટને આપેલ પરવાનગીના સંદર્ભમાં મુદ્દા નં.અ (૧) અને બ (૧ થી ૧૩) સબંધે માંગેલ માહિતી બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૮–૭–'૦૮ ની અપીલ અરજી નં.૧૦૯/૨૦૦૮–૦૯

શ્રી ડો. દેવેન્દ્ર મહાડીક પ્રમુખ, જનતાનગર ટેના.કો.ઓ.હા.સો.લિ. આઈ ડી.નં.૫૮ તા.૧૩–૬–૦૮ (તા.૧૧–૬–૦૮)ની અરજીથી ટીપી નં.૬ (મજુરા –ખટોદરા) ફા.પ્લોટ નં.૧૧૭,૧૧૮,૨૪ ના સીઓપીના બાંધકામની લુથરા ટ્રસ્ટને આપેલ પરવાનગીના સંદર્ભમાં મુદ્દા નં.અ (૧) અને બ (૧ થી ૧૩) સબંધે માંગેલ માહિતી બાબતે મુદ્દાનં.૩ બીયુસીનો જવાબ ન મળવાથી તથા મુદ્દા નં.૪ અને ૫ બાબતે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮–૭–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૩૯૧ તા.૪–૮–૦૮ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી તથા ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને નં.ટીડીઓ/૧૮૮૨ તા.૧ ૨–૮–૦૮ ના પત્રથી અરજદારને મુદ્દા નં.અ (૧) અને બ (૧) તથા ૨,૪,૬ ની માહિતી તેઓના પત્ર નં.૧૫૪૪ તા.૧ ૮–૭–૦૮ અન્વયે ની અગાઉ જણાવેલ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જયારે મ. જાહેર જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી અત્રે મળેલ પત્ર નં.સા.વે.ઝોન/આરટીઆઈ/આ.નં.૯૪ તા. ૩–૭–૦૮ અન્વયે મુદ્દા નં.અ (૧) અને બ (૧) તથા ૨,૪,૬ ની માહિતી પૂરતી અરજી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવામાં આવેલ જેથી તે સિવાયની માહિતી ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન કક્ષાએથી પૂરી પાડવા તેઓ કક્ષાએ રાખેલ સૂચવેલ છે.

અરજદારે તેની તા.૧૧–૬–૦૮ ની અરજીમાં માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.અ (૧) અને બ –૧,૨,૪ અને ૬ ની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જયારે બ–૩,૫ અને ૭ થી ૧૩ મુદ્દાની માહિતી આપેલ જણાતી નથી. અરજદારે મુદ્દા નં.૩,૪ અને ૫ અંગે અપીલ કરવામાં આવેલ છે. જે પૈકી મુદ્દા નં.૪ અને ૫ અંગે અરજદારે કાર્યવાહી હાથ ધરવા તપાસ કરાવવા રજુઆત કરેલ છે. આમ માહિતી નહીં આપવા અંગે માત્ર મુદ્દા નં.૩ મંદિરના બીયુસીની નકલ અંગેનો રહે છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૧૧–૬–૦૮ ની ની અરજીમાં માંગ્યા મુજબની માહિતી પૈકી નહી પૂરી પડાયેલ મુદ્દા નં.૩ ની માહિતી અરજદારને આરટીઆઈ એકટના નિયમ અને જોગવાઈ અનુસરી દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે.

મુદ્દા નં.૪ અને ૫ કાર્યવાહી હાથ ધરવા બાબતે અરજદાર સક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૮ –૦૮.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧)ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જહેર માહિતી અધિકારી.....જાણ માટે, તથા ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ડો. દેવેન્દ્ર મહાડીક પ્રમુખ,